**અમદાવાદના મે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૨૨ મા.**
**ક્રિ. કે. નં. ૬૧૫૧૫/૨૦૧૯.**

ફરીયાદી : સરકાર આંક ૪
વિ.
આરોપી :– હરીભાઈ ગંગાધર મકવાણા.
રહે.
અમદાવાદ.

ગુનો :–**<u>ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ તથા જી. પી. એકટ કલમ ૧૩૧ મુજબ.</u>**

**<u>–: ઠ રા વ :–</u>**

(૧) આ કામે આરોપી વિરુધ્ધ એલીસબ્રીજ/પાલડી પોલીસ સ્ટેશનમા ઈ. પી. કો. કલમ ૧૮૮ તથા જી. પી. એકટ કલમ ૧૩૧ મુજબના ગુનાની ફરીયાદ થયેલ છે જે સંદર્ભે પોલીસે તપાસને અંતે ચાર્જશીટ રજુ થયેલ છે.

(૨) આરોપી સમન્સ બજતા કોર્ટમા હાજર હોઈ, કેસની નકલો આપવામા આવેલ છે. આરોપીએ ગુન્હા કબુલાત પુરસીસ આપી ગુન્હાની સ્વૈચ્છીક કબુલાત કરેલ છે ને તેનો સદરહુ ગુના અંગે જવાબ / પ્લી લેવામા આવેલ છે. જેમા તેઓએ પોતાનો ગુનો કબુલ કરેલ છે. આરોપી પોતે ગરીબ માણસ છે. આ પ્રથમ ગુનો અજાણતા થયેલ હોઈ, દયા કરવા કોર્ટને અરજ કરેલ છે. ગુનાની ગંભીરતા ધ્યાને લેતા આરોપીને ઓછી સજા કરવી જોઈએ તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે. તેથી આ કેસના તમામ સંજોગો લક્ષમા લઈ નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**<u>–: હુ ક મ : –</u>**

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબના ગુના માટે રૂ. ૨૦૦/– ( અંકે રુપિયા બસ્સો ) પુરા દંડ, દંડ ના ભરે તો દિન–૪ ની સાદી કેદની સજા, તથા જી. પી. એકટની કલમ ૧૩૧ મુજબના ગુના માટે રુ. ૫૦/– ( અંકે રુપિયા પચાસ ) દંડ, દંડ ના ભરે તો દિન–૧ ની સાદી કેદની સજા કરવામા આવે છે.

કુલ દંડ રું. ૨૫૦/– ( અંકે રુપિયા બસ્સો પચાસ પુરા )

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવીને જાહેર કર્યો.

અમદાવાદ. ( એસ.એમ. ગોવાણી.)
તા. ૧૩/૭/૨૦૧૯. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૨૨, અમદાવાદ.
GJ00918.